22 10/6/21.

# સરકારી વિનયન કોલેજ, ગાંધીનગર

તા. ૧૦/૦૬/૨૦૨૧

## IQAC નોટીસ

IQAC ના કન્વીનરશ્રીને જણાવવાનું કે વર્ષ ૨૦૨૧-૨૨ માટે દરેક વિભાગ અને સમિતિ સાથે રહીને Academic Calendar તૈયાર કરાવી દિન -3 માં આચાર્યશ્રીને જમા કરાવવું. આ સાથે સંસ્થામાં નવા જોડાયેલા અધ્યાપકશ્રીઓની સાથે દિન-૨ માં બેઠક યોજી ગત NAAC સમિતિ દ્વારા નિર્દેશિત કરાયેલ નબળા પાસાથી તેઓને અવગત કરાવવા. જેથી આગામી NAACમાં સંસ્થાના મુલ્યાંકનમાં સુધારો લાવી શકાય.

ડૉ.એન.એચ.મિસ્ત્રી (કન્વીનર)

# સરકારી વિનયન કોલેજ, ગાંધીનગર
## શૈક્ષણિક સત્ર – જૂન 2021
## IQACની મિનિટ્સ

તા.૧૨/૬/૨૦૨૧

તા. ૧૦-૬-૨૦૨૧ના રોજ આચાર્યશ્રીની સૂચનથી શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ના પ્રથમ સત્રના આરંભે IQAC સમિતિના કો -ઓર્ડિનેટર ડૉ. નિયતિબેન મિસ્ત્રીની અધ્યક્ષતામાં IQAC સમિતિના સભ્યશ્રીઓની મીટિંગનું આયોજન IQACના ખંડમાં સવારે ૧૧.૩૦ કલાકે કરવામાં આવ્યું હતું. આ મીટિંગનો હેતુ વર્ષ દરમિયાન કોલેજ ખાતે કરવામાં આવનાર વિવિધ પ્રવૃત્તિઓના આયોજન સંદર્ભે ચર્ચાવિચારણાનો હતો.

ગત વર્ષના બીજા શૈક્ષણિક સત્રમાં ફેરબદલીથી ઘણા વિભાગમાં અન્ય સંસ્થાઓમાંથી અધ્યાપકશ્રીઓની અત્રેની સંસ્થામાં નિમણૂક થઈ હોઈ, સમિતિમાં સામેલ આ સભ્યોને કો - ઓર્ડિનેટર ડૉ. નિયતિબેન મિસ્ત્રીએ IQACના ઉદેશ અને તેનાં કાર્યોથી વાકેફ કર્યા હતા. ત્યારબાદ સર્વાનુમતે સંસ્થાની શૈક્ષણિક અને વહીવટી ગુણવત્તામાં ઉત્તરોત્તર વધારો થાય તે માટે આગામી વર્ષ માટેના આયોજન અંગે નીચેના મુદ્દાઓની ચર્ચા થઈ હતી.

- યુનિવર્સિટી એકેડેમિક કેલેન્ડર આપે તેને ધ્યાને લઈ દરેક વિભાગ શૈક્ષણિક સાથે સહ-શૈક્ષણિક પ્રવૃત્તિઓ કરે તેના પર બહાર મૂકવો.
- દરેક વિભાગના અધ્યક્ષશ્રીઓ વિભાગના અધ્યાપકો સાથે વિચારવિમર્શ કરી આગામી વર્ષ દરમિયાન અભ્યાલક્ષી, સંશોધનલક્ષી, કારકિર્દીલક્ષી, કૌશલ્યલક્ષી સેમિનારનું આયોજન કરવું.
- પરિસંવાદ, કાર્યશાળા વગેરેના સંભવિત આયોજનની વિગતો બે દિવસમાં IQACને જમા કરાવે તેવી સૂચના આપવી.
- દર વર્ષની જેમ આ વર્ષે પણ શૈક્ષણિક અને વહીવટી સ્ટાફને જરૂરી તાલીમનું આયોજન કરવું.
- ચાલુ વર્ષે કોવિડ મહામરીને કારણે પેપરલેસ વર્ક પર સરકારશ્રીએ ભાર મૂક્યો હોઈ વહીવટી વિભાગના સ્ટાફ માટે e -officeની વિશેષ તાલીમનું આયોજન કરવું.

12/6/21

- અન્ય સંસ્થાઓ સાથે સહયોગ સાધી, એમની સાથે MOU કરી અભ્યાસલક્ષી અને કૌશલ્યલક્ષી કાર્યશાળાઓનું આયોજન કરવું.
- સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ સાથે રમતગમત, N.C.C, N.S.S.તથા ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળની પ્રવૃત્તિઓને વધુ હેતુલક્ષી બનાવવી.
- ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો ડેટા અપડેટ કરી, સંસ્થાના વિકાસમાં એમની ભાગીદારી માટે આયોજન કરવું.
- અધ્યાપકોની વ્યક્તિગતસિદ્ધિની ખાસ નોંધ લેવી.
- અધ્યાપકો અને વિદ્યાર્થીઓ સંશોધનના ક્ષેત્રે વધુ સક્રિય થાય તેવું પ્રોત્સાહક વાતાવરણનું નિર્માણ કરવું.
- મેન્ટર- મેન્ટીની વ્યવસ્થા સુનિશ્ચિત કરવી. પ્રવેશપ્રક્રિયા અને ફી ભરવા જેવી બાબતોમાં સિનિયર વિદ્યાર્થીઓ નવો પ્રવેશ લેનાર વિદ્યાર્થીને માર્ગદર્શન આપે અને મદદરૂપ થાય તેવું માળખું ગોઠવવું.

આ ઉપરાંત કેટલીક નવી અને જરૂરી બાબતો અંગે પણ આ મીટિંગમાં સર્વાનુમતે કેટલીક બાબતો ઠરાવવામાં આવી હતી.

- વિદ્યાર્થીઓને કૉલેજ -કેમ્પસમાંથી જ પૌષ્ટિક આહાર પ્રાપ્ત થાય અને જરૂરિયાતવાળી મહિલાઓ સ્વાશ્રયી બને તે માટે સખી મંડળ સાથે કરાર કરી, આ વ્યવસ્થા ઊભી કરવી
- કૉલેજ વેબસાઈટને ડાયનેમિક બનાવવી.
- આગામી સમયમાં લાયબ્રેરિયનની ખાલી પડેલી જગ્યા ભરવા માટે જરૂરી કાર્યવાહી અને પ્રયત્નો પર ભાર મૂકવો. લાઈબ્રેરી ઇન્ટરનેટ સાથે જોડાય અને એનું ઓટોમેશન થાય તે માટે સક્રિય પ્રયત્નો કરવા.
- IQACમાં સતત અહેવાલો અને માહિતી અપડેટ કરવાની થતી હોઈ IQACનું સ્વતંત્ર કમ્પ્યુટર, વાઇફાઈનું જોડાણ, ઝેરોક્ષ-સ્કેનર સાથેનું પ્રિન્ટર, કાચના દરવાજાવાળું કબાટ જેવી ભૌતિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા અંગે નોંધ મૂકવી.
- IQACની ડેટા એન્ટ્રી માટે અલગથી ટેકનિકલ બાબતોના જાણકાર વ્યક્તિની નિમણૂક માટેની દરખાસ્ત તૈયાર કરવી.
- કૉલેજ સમિતિમાં ફરિયાદ નિવારણ સમિતિને સક્રિય ભાગીદારી કરતી કરવી.

# સરકારી વિનયન કૉલેજ, ગાંધીનગર

## શૈક્ષણિક સત્ર જૂન -૨૦૨૧

### IQACનીમિનિટ્સ

તા. ૨૩/૮/૨૦૨૧

IQAC અને SSIP સમિતિના નવા નિમાયેલા સભ્યો સાથેની શૈક્ષણિક વર્ષ :૨૦૨૧-૨૦૨૨ના પ્રથમ સત્રની મીટિંગનું આયોજન આચાર્યશ્રીની અધ્યક્ષતામાં તા. ૨૩/૮/૨૦૨૧ના રોજ સવારે ૧૧.30 કલાકે રૂમ નં. ૨૮માં કરવામાં આવ્યું હતું.

આ મીટિંગમાં નીચેના મુદ્દાઓ સંદર્ભે ચર્ચાવિચારણા કરવામાં આવી હતી.

- દરેક વિભાગે અને સમિતિએ પોતાની પ્રવૃત્તિઓનું વાર્ષિક આયોજન કરી, સત્વરે IQACને જમા કરાવવાનું રહેશે.
- સમિતિ કે વિભાગ દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૦૨૧ અને૨૦૨૧-૨૦૨૨ જે પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે તેનો અહેવાલ નિયત કરવામાં આવેલ ફોર્મેટમાં સોફ્ટકોપી અને હાર્ડ કોપીમાં IQACને સમયસર મોકલવાનો રહેશે.
- જે પણ કોઈ અધ્યાપકે તજજ્ઞ તરીકે વ્યાખ્યાન આપવા કે સંશોધનપત્ર પ્રસ્તુત કરવા માટે ડી. એલ. મંજૂર કરાવવાની થાય છે તેઓએ પોતાનું વ્યાખ્યાન કે સંશોધનપત્ર IQACને જમા કરવાનું રહેશે. આ નિર્ણય કરવા પાછળનો ઉદેશ અધ્યાપકોના લેખોને સંસ્થાના મેગેઝિનમાં પ્રકાશિત કરી શકાય અથવા ઉત્તમ લેખોનો સંચય પુસ્તક સ્વરૂપે સંસ્થા દ્વારા પ્રકાશિત કરી શકાય. આમ છતાં અધ્યાપકને પોતાનો લેખ કે વ્યાખ્યાન અન્યત્ર છપાવવાની ઇચ્છા હોય તો તેમણે પોતના અભ્યાસના તારણો જમા કરવાના રહેશે.
- NAACની એક્સટેન્સન પ્રવૃત્તિમાં N.S.S. કોઈ એક ગામને દત્તક લઈ સેવાકીય પ્રવૃત્તિ કરી શકે એવું સૂચન આચાર્ય દ્વારા કરવામાં આવ્યું હતું.
- SSIP અંતર્ગત શોર્ટ ફિલ્મ પરનો એક પ્રૉજેક્ટ વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર છે. જેના કૉપીરાઇટની કાર્યવાહી ચાલી રહી છે. જે ટૂંક સમયમાં આપણને મળી જશે.
- SSIP અંતર્ગત વિદ્યાર્થીઓ પાસે વધુમાં વધુ પ્રૉજેક્ટ અંગેની પ્રપોઝલ મુકાય તે ઇચ્છનીય છે.

- શોર્ટ ફિલ્મ ઉપરાંત SSIP દ્વારા ઔષધીય વનસ્પતિઓનો ઉછેર અને તેના થકી સ્વાસ્થ્ય સંબંધિત ઉત્પાદનો, શારીરિક માનસિક સ્વાસ્થ્ય : ભારતીય પદ્ધતિ દ્વારા, બ્રેઇલ લિપિ દ્વારા અંધ વિદ્યાર્થીઓને કોલેજના પરિસરનું માર્ગદર્શન, લોગો ડિઝાઇનિંગ-ઝિંગલ,સ્ક્રીપ્ટ રાઇટિંગ દ્વારા જાહેરાતના ક્ષેત્રમાં યોગદાન, સર્જનાત્મક લેખન વગેરે પ્રોજેક્ટ SSIPઅંતર્ગત કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.
- નવીન શોધ માટે વિદ્યાર્થીઓ પાસેથી વિચારો મેળવી એ અંગેના પ્રોજેક્ટ અઠવાડિયામાં તૈયાર કરાવી SSIPમાં જમા કરાવાય તે માટે દરેક અધ્યાપકને પોતાના લેક્ચરમાં માહિતી આપવા માટે જણાવવામાં આવ્યું.
- SSIP અંતર્ગત હવે પછી જે પ્રોજેક્ટ હાથ ધરવામાં આવનાર છે તે કાર્ય સુચારુ રીતે થઈ શકે તે માટે સંસ્થાના તમામ અધ્યાપકોની પ્રોજેક્ટ દીઠ સમિતિ રચવામાં આવી. જેમાં દરેક અધ્યાપકશ્રી પોતાની રુચિ અનુસાર સમિતિમાં જોડાયા. આ સમિતિ નીચે મુજબ રચવામાં આવી.

૧. ઔષધીય વનસ્પતિઓનો ઉછેર અને ઉત્પાદનો

ડૉ. વનરાજસિંહ જાડેજા

ડૉ. રાજેશ્વરસિંહ ચુડાસમા

ડૉ. ભાનુ કાપડિયા

ડૉ. અરવિંદ સરવૈયા

ડૉ. તસનીમ શેખ

૨. શારીરિક માનસિક સ્વાસ્થ્ય : ભારતીય પદ્ધતિ દ્વારા

ડૉ. ભદ્રેશભાઈ બ્રહ્મભટ્ટ

ડૉ. માધવી ઉપાધ્યાય

ડૉ. ભાવપ્રકાશ ગાંધી

ડૉ. ગીતા પ્રજાપતિ

ડૉ. અદિતિ દેસાઈ

ડૉ. ચારુ અધ્વર્યુ

ડૉ. કૃષ્ણરાજસિંહ ઝાલા

૩. બ્રેઇલ લિપિ

ડૉ. નિયતિ મિસ્ત્રી

ડૉ. ફાલ્ગુની શાહ

ડૉ. અશ્વિન પ્રજાપતિ

ડૉ. પલકેશ ચૌધરી

ડૉ. અજય વાળંદ

ડૉ. રીટા મોરી

૪. જાહેરાત (લોગો ડિઝાઇનિંગ-ઝિંગલ,સ્ક્રીપ્ટ રાઇટિંગ)

ડૉ. મહેશ મકવાણા

પ્રા. ગાયત્રી પરમાર

૫. સર્જનાત્મક લેખન

ડૉ. રવિકાન્ત સોલંકી

આજરોજ આચાર્યશ્રીની અધ્યક્ષસ્થાને IQAC ની ખાસ બેઠક બોલાવવામાં આવેલ જેમાં નીચેના મુદ્દાઓની ચર્ચા અને આયોજના કરવામાં આવી.

(1) 'પ્રા. ભાવિબેન ભેસીના ખાસ બાબતે પરિપત્ર (રાજ્યના સુપર ગ્રેડ ની માંગણી બાબતનો) સંદર્ભે નક્કી કરવામાં આવ્યું કે તેમની રજૂઆત પૂર્વ આચાર્યશ્રી કોઠારી સાહેબ સાથે વાતચીત કરી વડી કચેરી મોકલાય.

(2) શિષ્યવૃત્તિ ની નોટીસ બાબતે વિદ્યાર્થીશાખાને જવાબદારી સોંપી એ.

(3). વર્ષ 2019-20 નો AQAR તા. 31/12 સુધીમાં સબમિટ કરવાનો થાય છે. આચાર્યશ્રીના સૂચન અનુસાર ક્રાઈટેરીયા મુજબ સમિતિના સભ્યોને પ્રિન્ટ આપવામાં આવે અને તેની સમજ બાદ તે સબમિટ થાય તેમ કરાવવામાં આવ્યું.
AISHE ના સભ્યોને ડેટાવેરીફિકેશન ની કામગીરી સોંપવાનું નક્કી થયેલ.

(4) AQAR અને SSR માટે ઘણી મોટી સંખ્યામાં ડેટા એન્ટ્રી કરવાની થાય છે. હાલમાં તે માટે કચેરીમાં કોઈ સ્ટાફ ઉપલબ્ધ નહીં સમિતિના સભ્યોએ જ આ કામગીરી કરવાની રહે છે

(5) હવે પછી AQAR દરેક ક્રાઈટેરીયા મુજબ નિશ્ચિત કરવામાં આવેલ સમિતિના સભ્યો એ નિયત સમય માં કરવાની રહેશે. જેથી ડિસેમ્બરમાં સમય પર AQAR (2020-21) સબમિટ કરી શકાય.

(6) NEP પર વિષય નિષ્ણાંત નું વ્યાખ્યાન ગોઠવીએ.

18/9/21

આજરોજ IQAC ના સર્વ સભ્યોની માનનીય આચાર્યશ્રીની અધ્યક્ષતામાં મળેલ મિટિંગમાં ઠરાવવામાં આવે છે કે કોલેજ દ્વારા નવી શિક્ષા નીતિ પર કાર્યશાળા નું આયોજન કરીએ, જેમાં માનનીય રાજ્યપાલશ્રી તેમજ મંત્રીશ્રીને આમંત્રણ આપીએ.

આ માટે ફન્ડીન્ગની વ્યવસ્થા કરવાની રહે જે માટે ગુજરાત સાહિત્ય અકાદમી ને પ્રપોસલ મોકલીએ.

18/9/21

18/9/21.

૨૧/૧/૨૧.

નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ સંદર્ભે કાર્યશાળાના આયોજન માનનીય રાજ્યપાલશ્રી તેમજ અગ્રસચિવશ્રીની સંમતિ થી થઇ રહ્યું છે, ત્યારે વિવિધ સરકારી કોલેજના આચાર્યશ્રીઓ, યુનીવર્સીટીના કુલપતિશ્રીઓ ઉપસ્થિત રેહશે. ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણી હોઈ, મંત્રીશ્રી હાજર રહી શકે તેમ નથી.

ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા રૂ. ૫૦૦૦૦/- મંજુર થયેલ છે, પરંતુ વધુ ફંડની આવશ્યકતા રહે કેમ કે વાણીજ્ય કોલેજનો હોલ રેનોવેશનમાં ગયેલ છે. ફંડિંગ માટે કમિશ્નર કચેરી તેમજ ડીપાર્ટમેન્ટ ઓફ ટેકનીકલ અજ્યુકેશનને પત્ર પાઠવીએ.

Neeyah
૨૧/૧/૨૧
Chehan
૨૧/૧/૨૧.
S Sheth
T. Fadhu

6/12/21.

આજરોજ રૂમ નં. ૨૬ માં 11:15 કલાકે વર્ષ 20-21 ના AQAR સંદર્ભે તૈયારી માટે, તેમજ ડાઇરેક્શન મુજબ સોંપેલ કામગીરીની સમીક્ષા કરવા બેઠક મળેલ જેમાં નીચેના અધ્યાપકશ્રીઓ ઉપસ્થિત હતા.

ક્વાલિટેટીવ મેટ્રિક્સ ની કામગીરી કોર સમિતિ કરશે, જ્યારે ડાઇરેક્શન મુજબ ક્વોન્ટીટેટીવ માહિતી AISHE/વિદ્યાશાખા/કચેરી/UGC/અથવા સંલગ્ન વિભાગ પાસેથી મેળવી, પત્રકમાં ભરશે. જેથી સમયસર AQAR સબમિટ થઈ શકે.

| | |
|---|---|
| પ્રા. નિયતિ મિસ્ત્રી | NHM |
| Chetan Chauhan | Chauhan |
| ડો. જનક. ગઢવી. | J Gadhavi |
| આર. એન. ચુડાસમા | (signature) |
| ફાલ્ગુની શાહ | FShah |
| Gayatri Parmar | G.R.Parmar |
| ચારુ જે. રાઠવા | (signature) |

૨૭/૧/૨૨

આજરોજ તા ૨૭/1/22 ગુરુવારે, સવારે 10.30 કલાકે IQAC ની બેઠકમાં નીચેના અધ્યાપકશ્રીઓ ઉપસ્થિત રહેલ. ~~અને~~

- AQAR-20-21 નું સબમીશન
- દ્વિતીય સત્રનું આયોજન
- External members ના નામ

ઉપરના મુદ્દાઓ સંદર્ભે AC ચર્ચા કરવામાં આવેલ, જેમાં સર્વાનુમતે External members માં પ્રા.ડૉ દીપ ત્રિવેદી, અને કમિશ્નર કચેરીમાંથી શ્રીમાન અધિકારીશ્રી સોલંકી સાહેબનો સમાવેશ કરવાનું નિશ્ચિત થયેલ.

ગાંધીજી ની પુણ્યતિથિ નિમિત્તે ગાંધીકથા તેમજ વિદ્યાર્થીઓની સક્રિય ભાગીદારી થાય તેવા કાર્યક્રમનું આયોજન કરવાનું નક્કી થયેલ.

Mayuk
૨૭/૧

(1)
(2) ડૉ. પી. પી. ચૌધરી
(3) Chetan Chauhan
(4) ડૉ. જનક. જે. ગઢવી — J.J.Gadhavi
(5) ડૉ. નરેન્દ્ર આર. પરમાર
(6) ડૉ. તસ્નીમ. એમ. શેખ
(7) ડૉ. જી. કે. પ્રજાપતિ
(8) ડૉ. પી. એમ. ઓઝા
(9) પ્રા. બી. એ. જાડેજા
(10) પ્રા. આર. આર. સોલંકી
(11) પ્રા. આર. એન. ચુડાસમા
(12) ડૉ. કે. કે. મકવાણા